


IPL 2026 | ફાઈનલ | GT Vs RCB | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: અમદાવાદ

## વૈભવ સૂર્યવંશી ભારતીય ટીમમાં પસંદગી માટે સંપૂર્ણ તૈયાર: સંગાકારા

મુલ્લાંપુર, તા. 30: રાજસ્થાન રોયલ્સના હેડ કોચ અને શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી કુમાર સંગાકારાએ જણાવ્યું છે કે, 15 વર્ષીય વૈભવ સૂર્યવંશી ભારતીય ટીમમાં રમવા માટે સંપૂર્ણ તૈયાર છે. વૈભવે IPL ની આ સીઝનમાં 237.31 ના સ્ટ્રાઈક રેટથી 776 રન બનાવ્યા છે. તેણે જસપ્રિત બુમરાહ અને પેટ કમિન્સ જેવા વિશ્વસ્તરીય બોલરો સામે શાનદાર પ્રદર્શન કરીને પોતાની પરિપક્વતા અને નીડરતા સાબિત કરી છે. સંગાકારાએ ઉમેર્યું કે વૈભવ રમતની પરિસ્થિતિને ખૂબ સારી રીતે સમજે છે અને ટૂંક સમયમાં જ તેને ભારતીય ટીમમાંથી બોલાવવામાં આવી શકે છે.

# ચેમ્પિયન RCB અને GT વચ્ચે મહામુકાબલો

**આક્રમક** બેટિંગ લાઈનઅપ સાથે બેંગલુરુનો સતત બીજું ટાઇટલ જીતવાનો ઈરાદો

**પોતાની** મજબૂત રણનીતિ સાથે ગુજરાત ટ્રોફી જીતવા મક્કમ

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



અમદાવાદ, તા. 30 (પીટીઆઈ): અમદાવાદમાં રવિવારે રમાનારી આઈપીએલ 2026ની ભવ્ય ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને ગુજરાત ટાઈટન્સ (GT) વચ્ચે કાંટાની ટક્કર જોવા મળશે.

આ રોમાંચક મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન બેંગલુરુની ટીમ પોતાની આક્રમક રમત સાથે સતત બીજું ટાઈટલ જીતવાના પ્રબળ દાવેદાર તરીકે મેદાન પર ઉતરશે. આ સીઝનમાં આરસીબીના બેટ્સમેનોએ સાહસિક બેટિંગ કરીને સૌથી વધુ વખત 200થી વધુ રન બનાવવાનો રેકોર્ડ કર્યો છે. વિરાટ કોહલી, દેવદત્ત પડિક્કલ, ટિમ ડેવિડ અને કેપ્ટન રજત પાટીદારની બેટિંગ લાઈન-અપ કોઈપણ બોલિંગ આક્રમણને ધ્વસ્ત કરવા સક્ષમ છે. 32 વર્ષીય પાટીદારની શાંત અને પરિપક્વ કપ્તાનીએ ટીમને જબરદસ્ત સ્થિરતા આપી છે.

બીજી બાજુ, ગુજરાત ટાઈટન્સની ટીમ તેની પરંપરાગત અને મજબૂત રણનીતિ માટે જાણીતી છે. પાવરપ્લેમાં ગુજરાતના ઓપનર્સ શુભમન ગિલ અને સાઈ સુદર્શન 9 થી વધુ રન રેટ જાળવીને ઈનિંગને મજબૂત શરૂઆત આપે છે. ગુજરાતની બેટિંગનો મુખ્ય આધાર ગિલ (722 રન, સ્ટ્રાઈક રેટ: 163), સુદર્શન (710 રન, સ્ટ્રાઈક રેટ: 159) અને જોસ બટલર (507 રન) પર રહેશે, કારણ કે તેમનું મિડલ ઓર્ડર થોડું નબળું દેખાઈ રહ્યું છે. આ સીઝનમાં ગુજરાતે પોતાના હોમ ગ્રાઉન્ડ પર 7માંથી 5 મેચ જીતી છે, જે તેમને ફાઈનલમાં માનસિક સરસાઈ અપાવશે.

બંને ટીમોનું બોલિંગ આક્રમણ પણ અત્યંત ધારદાર છે. બેંગલુરુ તરફથી ભુવનેશ્વર કુમાર 26 વિકેટ સાથે પર્પલ કેપની રેસમાં બીજા સ્થાને છે, જ્યારે જોશ હેઝલવુડ (13 વિકેટ), રસિખ સલામ (16 વિકેટ) અને કૃણાલ પંડ્યા (13 વિકેટ) તેને મજબૂત સાથ આપી રહ્યા છે. બીજી બાજુ, ગુજરાત પાસે પર્પલ કેપ ધારક કાગીસો રબાડા (28 વિકેટ) અને મોહમ્મદ સિરાજ જેવા ઘાતક બોલરો છે. રબાડા અને સિરાજે આ સીઝનમાં અનુક્રમે 165 અને 162 ડોટ બોલ ફેંકીને બેટ્સમેનોને રન બનાવવા માટે ઝઝૂમતા રાખ્યા છે. જોકે, શુક્રવારે ક્વોલિફાયર 2 દરમિયાન ખભાની ઈજાનો ભોગ બનેલા સિરાજની ફિટનેસ પર ગુજરાતની નજર રહેશે. જો બેંગલુરુ આ મેચ જીતશે, તો તે ચેન્નઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ પછી સતત બે વાર આઈપીએલ ટાઈટલ જીતનારી ત્રીજી ટીમ બની જશે.

# જોકોવિચને હરાવી 19 વર્ષીય ફોન્સેકાએ અપસેટ સર્જ્યો

**ફોન્સેકો** જોકોવિચને હરાવનાર પ્રથમ ટીનએજર બન્યો

**સિનર** અને જોકોવિચ બહાર: ફ્રેન્ચ ઓપનમાં નવો ચેમ્પિયન મળવો નિશ્ચિત



પેરીસ, તા. 30 (એપી): પેરિસમાં રમાઈ રહેલી ફ્રેન્ચ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં શુક્રવારે એક અત્યંત ચોંકાવનારો ઉલટફેર જોવા મળ્યો છે. ૨૪ વખતની ગ્રાન્ડ સ્લેમ વિજેતા નોવાક જોકોવિચ ત્રીજા રાઉન્ડના રોમાંચક મુકાબલામાં બ્રાઝિલના 19 વર્ષીય યુવા ખેલાડી જોઆઓ ફોન્સેકા સામે 4-6, 4-6, 6-3, 7-5, 7-5થી હારીને ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. અગાઉ ગુરુવારે જ વર્લ્ડ નંબર 1 યાનિક સિનર પણ હારીને બહાર થઈ ગયો હતો. આ સાથે જ ટૂર્નામેન્ટમાંથી તમામ પૂર્વ ગ્રાન્ડ સ્લેમ વિજેતાઓ બહાર થઈ જતાં, આગામી 7 જૂને પુરુષ સિંગલ્સમાં ટેનિસ જગતને એક નવો ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન મળવો નિશ્ચિત થઈ ગયો છે.

39 વર્ષીય નોવાક જોકોવિચ આ મેચમાં શરૂઆતના બંને સેટ જીતીને મજબૂત સ્થિતિમાં હતો, પરંતુ ત્યારબાદ પેરિસની કાળઝાળ ગરમી અને થાકને કારણે તેની રમત નબળી પડી હતી. પોતાના કરિયરમાં બે સેટ જીત્યા બાદ જોકોવિચ હાર્યો હોય તેવો આ માત્ર બીજો પ્રસંગ છે. ઉલ્લેખનીય છે કે ખભાની ઈજાને કારણે જોકોવિચ ક્લે-કોર્ટ સીઝનમાં પૂરતી તૈયારી કરી શક્યો ન હતો.

અંતિમ ગેમમાં સ્કોર 6-6ની બરાબરી પર લાવવા માટે જોકોવિચ પાસે બ્રેક પોઈન્ટ હતો, પરંતુ યુવા ફોન્સેકાએ સતત ત્રણ એસ મારીને જોકોવિચને હરાવનાર પ્રથમ ટીનએજર બનવાનું ગૌરવ મેળવ્યું હતું. જોકોવિચે ખેલદિલી પૂર્વક ફોન્સેકાના વખાણ કર્યા હતા, જોકે તેણે આગામી વર્ષે ફ્રેન્ચ ઓપન રમવા અંગે અનિશ્ચિતતા વ્યક્ત કરી છે.

### ઝ્વેરેવ આગામી રાઉન્ડમાં

એલેક્ઝાન્ડર ઝ્વેરેવે ક્વેન્ટિન હેલિસને 6-4, 6-3, 5-7, 6-2થી હરાવ્યો. જ્યારે કેસ્પર રૂડે ટોમી પૌલ સામે 4-6, 6-7 (4), 6-4, 7-6 (4), 7-5થી રોમાંચક જીત મેળવી. **મહિલા સિંગલ્સમાં** માર્ટા કોસ્ટ્યુકે વિક્ટોરિજા ગોલુબિકને 6-4, 6-3થી હરાવીને સતત 15મી જીત નોંધાવી. ઇગા સ્વિટેકે મેગ્ડા લિનેટને 6-4, 6-4થી અને એલિના સ્વિટોલિનાએ તામારા કોરપાત્શને 6-2, 6-3થી હરાવી. આ સિવાય સોરાના સિર્સ્ટેઆ અને મિરા એન્ડ્રીવા પણ પોતપોતાની મેચ જીતીને આગળના રાઉન્ડમાં પહોંચ્યા છે.

# વિનેશનું વાપસીનું સપનું તૂટ્યું, સેમિ.માં મીનાક્ષી સામે હાર

**આ** સાથે જ વિનેશને એશિયન ગેમ્સમાં સ્થાન ન મળ્યું



નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ): અદાલતના આદેશો બાદ શનિવારે નવી દિલ્હીમાં વિનેશ ફોગાટે મેદાન પર શાનદાર વાપસી કરી હતી. દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં રેસલિંગ ફેડરેશનને વિનેશને ટ્રાયલ્સમાં ભાગ લેવા દેવા આદેશ કર્યો હતો. જોકે, એશિયન ગેમ્સના સિલેક્શન ટ્રાયલ્સમાં 53 કિલોગ્રામ કેટેગરીની સેમિફાઈનલમાં મીનાક્ષી ગોયત સામે 4-6થી હારતાં તેનું વાપસીનું અને એશિયન ગેમ્સમાં રમવાનું સપનું અધૂરું રહ્યું છે.

શનિવારે મેદાન પર આવતા જ વજન માપવા બાબતે વિવાદ થયો હતો, પરંતુ ફેડરેશનના પ્રમુખના હસ્તક્ષેપ બાદ તેને 53 કિલોગ્રામમાં એન્ટ્રી મળી હતી. પ્રથમ મેચમાં જ્યોતિને 7-1 થી હરાવ્યા બાદ, ક્વાર્ટર ફાઈનલમાં નિશુ કુમારી સામે તે એક સમયે 0-5થી પાછળ હતી, પરંતુ જોરદાર વાપસી કરીને મેચ 7-6થી જીતી લીધી હતી. જોકે, લાંબા સમય પછી રમી રહેલી વિનેશ સેમિફાઈનલમાં થાકી ગઈ હતી અને મીનાક્ષી સામે હારી ગઈ હતી.

### હું નિષ્ફળ નથી ગઈ: વિનેશ

વિનેશ ફોગાટે હાર બાદ કહ્યું કે, 'હું હારી નથી. હું આખી સિસ્ટમ સામે લડી રહી હતી, જેમાં એકતરફ હું એકલી અને બીજી તરફ બાકીના બધા લોકો હતા. મારે દરેક પોઇન્ટ માટે લડવું પડ્યું અને મારી સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર કરવામાં આવ્યો નથી. હું વધુ મજબૂતાઈથી વાપસી કરીશ અને મારી તૈયારીઓ ચાલુ રાખીશ. હું આગામી 2 વર્ષ સુધી રેસલિંગ ચાલુ રાખીશ.

### અંતિમ પંઘાલ ફાઇનલ જીતી

બીજી બાજુ, આ જ કેટેગરીની રોમાંચક ફાઇનલ મેચમાં અંતિમ પંઘાલે શાનદાર પ્રદર્શન કરતા મીનાક્ષી ગોયતને 3-2થી હરાવીને ફાઇનલ જીતી લીધી હતી. આ જીત સાથે અંતિમે એશિયન ચેમ્પિયનશિપ ટ્રાયલ્સમાં મીનાક્ષી સામે મળેલી અગાઉની હારનો બદલો પણ લઈ લીધો છે. હાર બાદ રેફરી સાથે દલીલ કરવા બદલ મીનાક્ષીને રેડ કાર્ડ આપવામાં આવ્યું હતું.

# સિંગાપોર ઓપન:સાત્વિક-ચિરાગની જોડી ફાઈનલમાં

**સાત્વિક**-ચિરાગે વર્લ્ડ ચેમ્પિયન કોરિયન જોડીને સીધા સેટોમાં 21-19, 21-18થી હરાવી અપસેટ સર્જ્યો

**મિક્સ્ડ** ડબલ્સમાં ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની જોડી હારીને બહાર થઈ



સિંગાપોર, તા. 30 (પીટીઆઈ): ભારતની સ્ટાર બેડમિન્ટન જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ શનિવારે શાનદાર પ્રદર્શન કરતા સિંગાપોર ઓપન સુપર-750 ટૂર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. ચોથી ક્રમાંકિત ભારતીય જોડીએ સેમિફાઈનલના રોમાંચક મુકાબલામાં ટોપ સીડ અને વર્લ્ડ નંબર 1 કોરિયાના કિમ વોન હો અને સેઓ સેંગ જેની જોડીને સીધા સેટોમાં 21-19, 21-18થી હરાવી અપસેટ કર્યો હતો. 52 મિનિટ ચાલેલી આ મેચમાં વર્લ્ડ ચેમ્પિયન જોડી સામે સાત્વિક-ચિરાગની આ પ્રથમ જીત છે.

જોકે, મિક્સ્ડ ડબલ્સમાં ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની જોડી જાપાની જોડી સામે 16-21, 21-17, 13-21થી હારીને બહાર થઈ ગઈ હતી.

મેચ દરમિયાન બંને ગેમમાં ભારતીય જોડી એક સમયે પાછળ ચાલી રહી હતી. પ્રથમ ગેમમાં બ્રેક વખતે કોરિયન જોડી 13-11થી અને બીજી ગેમમાં 11-14થી આગળ હતી, પરંતુ સાત્વિક અને ચિરાગે જબરદસ્ત વાપસી કરીને મેચ પોતાના નામે કરી હતી. મેચ બાદ ચિરાગે જણાવ્યું કે મુશ્કેલ સમયમાં પણ તેઓએ એકબીજા પર ભરોસો રાખ્યો હતો અને પોતાની યોજના પર અડગ રહ્યા હતા, જેના કારણે આ સફળતા મળી છે. હવે રવિવારે રમાનારી ફાઈનલમાં તેમનો સામનો ઈન્ડોનેશિયા અથવા ચીનની જોડી સામે થશે.

# ચોથા રાઉન્ડમાં સબાલેન્કા અને નાઓમી ઓસાકા વચ્ચે મુકાબલો

**ડિઆને** પેરીએ અપસેટ કરતા છઠ્ઠી ક્રમાંકિત અમાન્ડા અનિસિમોવાને હરાવી



પેરીસ, તા. 30 (એપી): ફોર-ટાઈમ ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન નાઓમી ઓસાકાએ તેના 100મા ગ્રાન્ડ સ્લેમ મેચમાં અમેરિકાની 18 વર્ષીય ઈવા જોવિકને ત્રણ કલાક ચાલેલી રોમાંચક મેચમાં 7-6 (5), 6-7 (3), 6-4થી હરાવી દીધી છે. આ જીત સાથે ઓસાકાએ પોતાની કરિયરમાં પ્રથમ વખત રોલાં ગેરો (ફ્રેન્ચ ઓપન)ના ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. કોર્ટ પર પોતાના ખાસ ગોલ્ડન આઉટફિટ અને ફેશન ચોઈસથી આકર્ષણનું કેન્દ્ર બનેલી ઓસાકાએ જણાવ્યું કે, વર્ષ 2021 માં ડિપ્રેશનના કારણે ટૂર્નામેન્ટ છોડ્યા બાદ હવે તે રમતને માત્ર એન્જોય કરવા માગે છે.

બીજી બાજુ, વર્લ્ડ નંબર 1 આર્યાના સબાલેન્કાએ પણ શાનદાર પ્રદર્શન કરતા દારિયા કસાત્કીનાને 6-0, 7-5થી હરાવીને ચોથા રાઉન્ડમાં જગ્યા બનાવી લીધી છે. સબાલેન્કાએ પ્રથમ સેટ એક પણ ગેમ ગુમાવ્યા વિના જીત્યો હતો. આ સાથે ગ્રાન્ડ સ્લેમમાં પ્રથમ સેટ 6-0 કે 6-1થી જીત્યા બાદ અજેય રહેવાનો તેનો રેકોર્ડ હવે 47-0 થયો છે. હવે ચોથા રાઉન્ડમાં ફેન્સને ઓસાકા અને સબાલેન્કા વચ્ચે હાઈ-વોલ્ટેજ મુકાબલો જોવા મળશે.

અન્ય એક મેચમાં ફ્રાન્સની ડિઆને પેરીએ શનિવારે મોટો ઉલટફેર કરતા ફેવરિટ ખેલાડી અને છઠ્ઠી ક્રમાંકિત અમાન્ડા અનિસિમોવાને હરાવીને કરિયરમાં પહેલીવાર ગ્રાન્ડ સ્લેમના ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે.

# ISSF વર્લ્ડકપ: મનુ ભાકર અને સમ્રાટની જોડીએ સિલ્વર જીત્યો

**ભારતીય** જોડીએ ફાઇનલ મુકાબલામાં 483.6 નો સ્કોર કર્યો જ્યારે ચીનની જોડીએ 483.9ના સ્કોર સાથે ગોલ્ડ જીત્યો



મ્યુનીખ, તા. 30 (પીટીઆઈ): મ્યુનિખ ખાતે શનિવારે રમાયેલા ISSF વર્લ્ડકપમાં ભારતની સ્ટાર શૂટર મનુ ભાકર અને સમ્રાટ રાણાની જોડીએ શાનદાર પ્રદર્શન કરતા 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો છે. ભારતીય જોડીએ ફાઈનલ મુકાબલામાં 483.6 નો સ્કોર કરીને આ સિદ્ધિ મેળવી હતી. આ ઈવેન્ટમાં ચીનની કિયાનક્ષુન યાઓ અને કાઈ હુની જોડીએ 483.9ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ અને ચીનની જ બીજી જોડીએ 418.0ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

ક્વાલિફિકેશન રાઉન્ડમાં ઓલિમ્પિક મેડલિસ્ટ મનુ ભાકરે 292-12x અને વર્લ્ડ ચેમ્પિયન સમ્રાટ રાણાએ 290-9xના સ્કોર સાથે કુલ 582 પોઈન્ટ મેળવીને બીજા સ્થાને ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું હતું. આ જ ઈવેન્ટમાં ભાગ લેનારી ભારતની અન્ય જોડી સુરુચિ સિંઘ અને શ્રવણ કુમાર 575ના સ્કોર સાથે 10મા સ્થાને રહી હતી.

આ ઉપરાંત, 10 મીટર એર રાઈફલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ઈલાવેનિલ વલારિવન અને અર્જુન બાબુતાની જોડી 14મા સ્થાને, જ્યારે આર્યા બોઝ અને તુષાર સાહુ માનેની જોડી 16મા સ્થાને રહી હતી.

# એશિયન ગેમ્સ: BCCIની સંભવિત યાદીમાં સૂર્યકુમાર કે શુભમન નથી, સૂર્યવંશીનો સમાવેશ

**એશિયન** ગેમ્સના સમયગાળામાં જ વેસ્ટઈન્ડિઝ સામેની સીરીઝ પણ રમાવાની છે

**શ્રેયસ** અય્યર, સંજુ સેમસન અને તિલક વર્મા કેપ્ટનશીપના મુખ્ય દાવેદાર

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ): BCCI દ્વારા આગામી એશિયન ગેમ્સ માટે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA)ને મોકલવામાં આવેલી 30 સંભવિત પુરુષ ખેલાડીઓની યાદીમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતના વર્તમાન T-20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને ટેસ્ટ-વન-ડે કેપ્ટન શુભમન ગિલના નામ આ યાદીમાંથી ગાયબ છે, જ્યારે 19 વર્ષીય યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીને સ્થાન મળ્યું છે. આ એશિયન ગેમ્સ જાપાનના આઈચી-નાગોયામાં 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર દરમિયાન યોજાવાની છે.

આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ એ છે કે એશિયન ગેમ્સ અને વેસ્ટ ઈન્ડિઝ સામેની ભારતની હોમ સીરીઝનો (27 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર) સમયગાળો એકબીજા સાથે ટકરાય છે. ગિલ વેસ્ટઈન્ડિઝ સામેની 3 વનડે અને 5 T-20ની સીરીઝમાં ટીમનું નેતૃત્વ કરશે, તેથી તેની પસંદગી એશિયન ગેમ્સ માટે નથી થઈ. બીજી તરફ, સૂર્યકુમાર યાદવ હવે 2028 ઓલિમ્પિક અને આગામી T-20 વર્લ્ડકપની યોજનાઓમાં સામેલ ન હોવાથી તેનું નામ આ યાદીમાં નથી.

### કેપ્ટનશીપના દાવેદાર અને મુખ્ય ખેલાડીઓ

એશિયન ગેમ્સની ટીમ માટે શ્રેયસ અય્યર, સંજુ સેમસન અને તિલક વર્મા કેપ્ટનશીપના મુખ્ય દાવેદાર છે. બોલરોમાં જસપ્રિત બુમરાહ, હર્ષિત રાણા, પ્રસિદ્ધ ક્રિષ્ના અને અર્શદીપ સિંહનો સમાવેશ કરાયો છે. સ્પિનરોમાં કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર અને હર્ષ દુબેને સ્થાન મળ્યું છે, જેમાંથી માત્ર બેની જ પસંદગી થશે અને બાકીના બે વિન્ડીઝ સીરીઝ રમશે. અગાઉની હોંગઝોઉ એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને પણ આ 30 ખેલાડીઓની યાદીમાં સામેલ કરવામાં આવ્યો છે.

# ઈંગ્લેન્ડે ભારતીય મહિલા ટીમને હરાવી ટી-20 સીરીઝ 1-1થી બરાબર કરી

**ઈંગ્લેન્ડે** આપેલા 169 રનના લક્ષ્યાંક સામે ભારતીય મહિલા ટીમ 142 રન જ બનાવી શકી

બ્રિસ્ટોલ, તા. 30 (પીટીઆઈ): ઓલરાઉન્ડર ફ્રેયા કેમ્પના શાનદાર પ્રદર્શનની મદદથી ઈંગ્લેન્ડે બીજી મહિલા ટી-20 મેચમાં ભારતને 26 રનથી હરાવીને ત્રણ મેચોની સીરીઝ 1-1થી બરાબર કરી લીધી છે. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 20 ઓવરમાં 5 વિકેટે 168 રન બનાવ્યા હતા. ફ્રેયા કેમ્પે છેલ્લી ઓવરોમાં માત્ર 13 બોલમાં અણનમ 39 રન ફટકારીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી હતી. ભારત તરફથી યુવા સ્પિનર શ્રી ચરણીએ શાનદાર બોલિંગ કરતા 3 વિકેટ ઝડપી હતી. 169 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની ઓપનર શેફાલી વર્માએ 22 રન અને સ્મૃતિ મંધાનાએ 32 રન બનાવ્યા હતા. ભારત એક સમયે 10 ઓવરમાં 2 વિકેટે 78 રન સાથે મજબૂત સ્થિતિમાં હતું. જોકે, મિડલ ઓવર્સમાં ઈંગ્લેન્ડના સ્પિનરોએ રન ગતિ પર બ્રેક લગાવી દીધી હતી. ફ્રેયા કેમ્પે બોલિંગમાં પણ કમાલ કરતા 2 વિકેટ લીધી હતી. અંતે ભારતીય ટીમ 20 ઓવરમાં 9 વિકેટે 142 રન જ બનાવી શકી હતી. આ મેચ દરમિયાન કેપ્ટન હરમનપ્રીત કૌરે 28 રનની ઈનિંગ રમીને મહિલા ટી-20માં પોતાના 4,000 રન પૂરા કર્યા હતા અને આ સિદ્ધિ મેળવનારી તે વિશ્વની ત્રીજી બેટર બની છે.

## આજથી માછી સમાજ પ્રીમીયર લીગ-5નો પ્રારંભ

સુરત, તા. 30: કાંઠા વિભાગ માછી સમાજ ટ્રસ્ટ દ્વારા માછી સમાજ પ્રીમીયર લીગ-5 (NRK-CUP)નું આયોજન કરવામાં આવ્યું છે જેનો પ્રારંભ 31 મે, રવિવારના રોજ ગાંધી મેદાન, ભીમરાડ સુરતના મેદાનમાં સાંજે 7.00 વાગ્યાથી થશે. આ ટુર્નામેન્ટમાં 16 ટીમો ભાગ લેશે. ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને રૂ. 61000 અને રનર્સ અપ ટીમને રૂ. 41000 પુરસ્કારના રૂપમાં આપવામાં આવશે સાથે જ દરેક ખેલાડીને સ્ક્રેચ કુપન આપવામાં આવશે જેમાં74 લકી વિજેતાઓને વિવિધ પુરસ્કાર મળશે. સંસ્થા વર્ષ 2011થી સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરે છે જેમાં યુવા ખેલાડીઓને વિવિધ પુરસ્કારો આપી પ્રોત્સાહિત કરાય છે.

## આજનું પંચાંગ

**તા.31/05/2026, રવિવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : અધિક જેઠ
**તિથિઃ** સુદ: પૂનમ: 14:15
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક** : જેઠ: 10
**યોગ** : સિધ્ધ **કરણઃ** બાવલ
**નક્ષત્ર** : અનુરાધા: 16:12 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવવી
**રાશિઃ** વૃશ્ચિક (ન,ય) **દિવસ** : મિશ્ર
**સુરતમાં સૂર્યોદય** : 05:58 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:14
**નવકારસી** : 06:46
**પારસી વર્ષ** : 1395 દએ માસનો 20મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447 જિલ્હેજ માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
**રાહુ કાળ** : સાંજે: 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** સત્સંગ અને સમાજ સેવાથી શાંતિ મળે. ઉધાર લેવા-દેવાનું ટાળવું. નોકરીમાં જવાબદારી વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** સમાજમાં માન વધે. કોઈ નવી યોજના પરિવાર સાથે બને. અચાનક શુભ સમાચાર મળે.

**મિથુન (ક,છ,ઘ,):** આરોગ્ય નરમ રહે. આરામ કરવાનું મન થાય. ખર્ચા વધશે. માતાનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** મિત્રો સાથે સામાજિક પ્રવૃત્તિની સાથે મનોરંજન થાય. પ્રેમમાં સાથ મળે. આવક વધશે.

**સિંહ (મ,ટ,):** પારિવારિક સમસ્યાથી અશાંતિ વધશે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. અટકેલા કામમાં ગતિ આવે. દલાલી થાય.

**તુલા (ર,ત,):** મનપસંદ, મોજ-પાર્ટીનો આનંદ મળે. ઘરમાં અવર-જવર વધે. સામાજિક કામમાં મદદ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્ય નરમ રહે. નવા કામની ચિંતા સતાવે. પરિવારમાં તાલમેળ ઓછો રહે. પ્રવાસ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ધાર્મિક પ્રવાસ થાય. સરકારી યોજનાનો લાભ મળે. સમાજમાં માન વધે. ખર્ચા વધશે.

**મકર (ખ,જ,):** મિત્રો સાથે મનોરંજન થાય. સંતાનોના કામમાં મદદ મળે. મોજ-શોખના ધંધામાં લાભ.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સરકારી નોકરિયાતે સાવધાની રાખવી. સ્ત્રીવર્ગ સાથે વ્યવહારમાં સભાનતા રાખવી.

**મીન (દ,ચ,ઝ,થ,):** જીવન સાથી સાથે પારિવારિક પ્રશ્નોની ચર્ચાથી અનુકુળતા વધે. સમાજમાં માન મળે.

### કોઈ પણ સાલમાં 31 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંઘર્ષ છતાં નવી તકો ઊભી કરનાર અને આર્થિક પ્રગતિવાળું રહેશે. નોકરીમાં પ્રમોશન થાય. ધંધામાં યોજના પ્રમાણે પ્રગતિ થાય. આર્થિક બાબતે અનુકૂળતા અને ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. સમાજમાં **પ્રતિષ્ઠા** વધે. ઉંમરલાયકના વિવાહ થાય. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં, પ્રગતિ થાય. ટેકનોલોજીનો લાભ મળે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને નવી તક મળે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ, કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન, બાબતે સફળતા મળે. મિત્રો-વડીલોની મદદ સામાજિક કામ કાયદા કાનૂની, વારસા, જાયદાત વગેરેમાં મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈ, રવિ-સોમ-બુધવાર, 04,13,22,31 તારીખે નવા કામ કરવા. નીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર, ડિસેમ્બર, શુક્ર-શનિવાર, 7,16,25 તારીખે નવા કામ ટાળવો. સફેદ રંગનો ઉપયોગ કરવાનું ટાળવું. રાહુના ઉપાય કરવા.

## અનુસંધાન ... પાના પહેલાનું

### આર્થિક ગતિવિધિ...

પછી વૈશ્વિક વાતાવરણ નોંધપાત્ર રીતે વધુ પડકારજનક બન્યું છે, જેમાં ક્રૂડના ઊંચા ભાવો, કડક નાણાકીય સ્થિતિ અને અગ્રણી અર્થતંત્રોમાં નબળી પડતી વૃદ્ધિની ગતિ એવા પડકારો ઊભા કરી રહી છે જેનાથી ભારત પોતાને સંપૂર્ણપણે સુરક્ષિત રાખી શકે નહીં. પશ્ચિમ એશિયાનો સંઘર્ષ પહેલેથી જ નબળી વૈશ્વિક આર્થિક રિકવરી માટે એક મોટો આંચકો બનીને ઉભર્યો છે, જેની અસરો ઊર્જા બજારો, સપ્લાય ચેઈન, વેપાર માર્ગો અને વૈશ્વિક નાણાકીય પરિસ્થિતિઓમાં વધુને વધુ સ્પષ્ટપણે દેખાઈ રહી છે. ઊર્જા, પરિવહન અને લોજિસ્ટિક્સના ઊંચા ખર્ચે અગ્રણી અર્થતંત્રોમાં ફુગાવાના દબાણને ફરીથી સક્રિય કર્યું છે અને સ્ટેગફ્લેશન(આર્થિક મંદીની સાથે મોંઘવારી)ની ચિંતાઓને ફરીથી જીવંત કરી છે, તેમ તેણે જણાવ્યું હતું. આ દબાણોનો સામનો કરવા માટે, અગ્રણી સેન્ટ્રલ બેંકો અગાઉની ધારણા કરતાં વધુ સમય માટે નિયંત્રિત નાણાકીય નીતિ વલણ જાળવી રાખે તેવી અપેક્ષા છે, જેનાથી વિકસીત અર્થતંત્રોમાં સોવેરિન બોન્ડ યીલ્ડ બહુ-વર્ષીય ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે, તેમ તેણે જણાવ્યું હતું. ઉભરતા બજારોમાં આની અસર અસમાન રહી છે; ઊર્જા આયાત કરતા અર્થતંત્રો ચલણના અવમૂલ્યન, મૂડીના બહિર્વાહ અને ઊંચા આયાત બિલોને કારણે વધતા દબાણનો સામનો કરી રહ્યા છે, જ્યારે કોમોડિટી નિકાસકારો સાપેક્ષ રીતે વધુ સારી સ્થિતિમાં છે, તેમ તેણે જણાવ્યું હતું.

### ઉત્પાદન સ્તરે ખર્ચનું...

ઉદ્યોગોના સૂચકાંક અને ઈંધણના વપરાશમાં નરમાઈ દર્શાવે છે કે વૈશ્વિક પડકારો ધીમે-ધીમે સ્થાનિક પ્રવૃત્તિના પસંદગીના ક્ષેત્રોમાં પોતાનો માર્ગ બનાવી રહ્યા છે, તેમ તેણે જણાવ્યું હતું. ફુગાવાના અંદાજ અંગે અહેવાલમાં જણાવાયું છે કે, આ બાબતે સતર્ક રહેવાની જરૂર છે. રિટેલ ફુગાવો અને જથ્થાબંધ ભાવો વચ્ચેનો વર્તમાન તફાવત દર્શાવે છે કે ઉત્પાદન સ્તરે ખર્ચનું દબાણ વધી રહ્યું છે, અને ગ્રાહકો સુધી તેનો પ્રભાવ પહોંચવામાં, જે અત્યાર સુધી મર્યાદિત રહ્યો છે, હવે વધુ સમય નહીં લાગે, તેમ તેણે ઉમેર્યું હતું.

### મંદિરોમાં VIP...

એ રજૂઆતને ફગાવી દીધી હતી કે પેઈડ વીઆઈપી દર્શન પાછા ખેંચવાથી મંદિરોને આવકનું નુકસાન થશે. બેન્ચ વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો અને બંધારણીય પદાધિકારીઓ સિવાયના લોકો માટે મંદિરોમાં 'VIP દર્શન' અને 'ખાસ દર્શન' સંપૂર્ણપણે નાબૂદ કરવાની માંગ કરતી જાહેર હિતની રિટ પિટિશન (PIL) પર સુનાવણી કરી રહી હતી. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તા પી. ચોકલિંગમ દ્વારા દાખલ કરવામાં આવેલી આ PIL માં HR|CE (હિન્દુ ધાર્મિક અને સખાવતી બંદોબસ્ત) વિભાગના નિયંત્રણ હેઠળના મંદિરોમાં 'VIP દર્શન' સંસ્કૃતિને નાબૂદ કરવાની માંગ કરવામાં આવી હતી.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### રક્ત પ્રદર

કેવડાનું મૂળ પાણીમાં ઘસી, મધ જેવો જાડો ઘસારો, બે ચમચી લઈ સાકર ઉમેરી પીવું.